# ટેકનીકલ ભરતી બોર્ડ, ગાંધીનગર

## શારીરિક માપદંડ કસોટી તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટેની અગત્યની જાહેરાત

બોર્ડ દ્વારા વિવિધ તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટેની પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ (૧) TRB/202122/1- પોલીસ સબ ઇન્સ્પેકટર (વાયરલેસ) (૨) TRB/202122/2- ટેકનિકલ ઓપરેટર વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ એમ બંન્ને કસોટીઓમાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરી, યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારો કે જેઓને શારીરિક માપદંડ કસોટી તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી તા. ૦૫/૦૭/૨૦૨૨ થી તા. ૦૭/૦૭/૨૦૨૨ ના દરમ્યાન કરવામાં આવેલ હતી.

ઉક્ત ચકાસણીમાં કેટલાક ઉમેદવારો ગેરહાજર અને કેટલાક ઉમેદવારો ગેર-લાયક ઠરતાં પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર કેટલાક વધુ સંભવિત ઉમેદવારોની અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવી જરૂરી બનતાં ઉક્ત જાહેરાત સંવર્ગની યાદીમાં નીચે દર્શાવ્યા મુજબના કેટલાક ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉમેદવારોની શારીરિક માપદંડ કસોટી તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી બોર્ડની કચેરી ખાતે **તા. ૨૯/૦૭/૨૦૨૨ ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે** રાખેલ છે. જે અંગે ઉમેદવારોને એપ્લીકેશનમાં દર્શાવેલ ઈ-મેઈલ આઇડી પર પત્ર મોકલવામાં આવેલ છે. અને રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર સંપર્ક કરવામાં આવી રહેલ છે. તેમ છતાં કોઈ ઉમેદવારનો સંપર્ક પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ પહેલાં થયેલ ન હોય તો પણ તેવા ઉમેદવારે ઉકત ચકાસણીની તારીખ-સમયે અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારોએ સાથે પોતાની જાતિ, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વગેરેને લગતા અસલ પ્રમાણપત્રો તેમજ તેની બે-બે ઝેરોક્ષ નકલો( પ્રમાણિત / સ્વપ્રમાણિત) અને એક પાસપોર્ટ સાઇઝનો ફોટો લાવવાનો રહેશે.

જે ઉમેદવાર ઉપર વર્ણવેલ નિયત તારીખે અને સમયે પ્રમાણપત્રોની ચકાસણી માટે ઉપસ્થિત નહીં રહે તો તેવા ઉમેદવારને નોકરીની જરૂરિયાત નથી તેમ માનીને બોર્ડ દ્વારા તેઓને કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર આગળની ભરતી પ્રક્રિયામાંથી પડતા મુકવામાં આવશે. તેમજ તેવા ઉમેદવાર ઉકત બંને કસોટી-સ્પર્ધાત્મક લેખિત કસોટી અને કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી કસોટીમાં મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી યાદીમાં સ્થાન મેળવવાપાત્ર હશે તો પણ તેઓનો હક્ક આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે સામેની તેઓની કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેની નોંધ લેવા પણ જણાવવામાં આવે છે.

## શારીરિક માપદંડ કસોટી તેમજ પ્રમાણપત્રોની ચકાસણી માટેનું સ્થળઃ

ટેકનીકલ ભરતી બોર્ડની કચેરી, ૭મો માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર.

➢ **જા.ક્ર. TRB/202122/1 – પોલીસ સબ ઈન્સ્પેકટર (વાયરલેસ) માં શારીરિક માપદંડ કસોટી તેમજ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થતા વધારાના ઉમેદવારોની યાદી:–**

| LIST OF CANDIDATES CALLED FOR PHYSICAL STANDARD TEST & DOCUMENT VERIFICATION (Additional List) | | | | | |
|---|---|---|---|---|---|
| BY TRB FOR THE POST OF POLICE SUB INSPECTOR (WIRELESS) ADVT. NO. (1/202122) | | | | | |
| SUBJECT TO VERIFICATION OF AGE, QUALIFICATION, CASTE AND ALL OTHER ELIGIBILITY CRITERIA | | | | | |
| Sr. No. | Written Test Seat No. | CPT Seat No. | CONF. No. | Name | Gender |
| 1 | 1007846 | 1000110 | 62897558 | SWATI BHAGIRATHBHAI RATHOD | F |
| 2 | 1002743 | 1000080 | 53415587 | HIMANI ISHVARBHAI SOLANKI | F |
| 3 | 1007681 | 1000145 | 78385302 | SONAL RAJPUT | F |

➢ **જા.ક્ર. TRB/202122/2 - ટેકનિકલ ઓપરેટર માં શારીરિક માપદંડ કસોટી તેમજ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થતા વધારાના ઉમેદવારોની યાદી:–**

| LIST OF CANDIDATES CALLED FOR PHYSICAL STANDARD TEST & DOCUMENT VERIFICATION (Additional List) | | | | | |
|---|---|---|---|---|---|
| BY TRB FOR THE POST OF TECHNICAL OPERATOR ADVT. NO. (2/202122) | | | | | |
| SUBJECT TO VERIFICATION OF AGE, QUALIFICATION, CASTE AND ALL OTHER ELIGIBILITY CRITERIA | | | | | |
| Sr. No. | Written Test Seat No. | CPT Seat No. | CONF. No. | Name | Gender |
| 1 | 2006159 | 2000265 | 52231516 | PRADYUMAN NAJUBHAI KHUMAN | M |
| 2 | 2004670 | 2000213 | 44497124 | MAYURKUMAR CHETANKUMAR PATEL | M |
| 3 | 2004300 | 2000386 | 70604595 | KULDEEPSINH BHARATSINH SOLANKI | M |
| 4 | 2004294 | 2000206 | 43663397 | KSHEMESHKUMAR JATINBHAI MEHTA | M |
| 5 | 2006352 | 2000322 | 62083836 | PRIYA PREMPALSINH KUSHWAHA | F |
| 6 | 2006848 | 2000114 | 29808610 | RIDDHIBA ANANDSINH SOLANKI | F |
| 7 | 2007685 | 2000510 | 88646942 | SONALBEN BHURSINH RATHOD | F |
| 8 | 2015202 | 2000571 | 97677617 | VIDHI CHANDUBHAI SHINGALA | F |
| 9 | 2013884 | 2000447 | 80101046 | DHRUTIBEN RAJENDRABHAI PATEL | F |
| 10 | 2014525 | 2000507 | 88474883 | KRATIKA MILIND AMIN | F |

નોંધઃ ઉમેદવાર, ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવેશ માટેનો કોઈ હક્ક દાવો કરી શકશે નહીં.

સહી/–
( રાજુ ભાર્ગવ )
અધ્યક્ષ, ટેકનીકલ ભરતી બોર્ડ
ગુજરાત રાજય,ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૨૫/૦૭/૨૦૨૨

- ઉમેદવારોના શારીરિક માપદંડ અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ તેની અધિકૃત અધિકારી દ્વારા પ્રમાણિત અથવા સ્વપ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની બે-બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે.

(૧)૨ – પાસપોર્ટ સાઇઝના ફોટા, આઇ.ડી. પ્રૂફ
(૨) જન્મ તારીખના પુરાવા માટે:- શાળા છોડયાનો દાખલો
-ધોરણ-૧૦ અને ૧૨ ની સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.
(૩) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો.
(૪) S.E.B.C. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ તા. ૦૧/૦૪/૨૦૧૯ થી તા. ૨૭/૧૦/૨૦૨૧ દરમ્યાન ઇસ્યુ થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯, ૨૦૧૯-૨૦૨૦ ૨૦૨૦-૨૦૨૧ નું નોન- ક્રિમિલેયર પ્રમાણપત્ર.
(૫) આર્થિક રીતે નબળા (EWS) વર્ગના ઉમેદવારોએ તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા ૨૭/૧૦/૨૦૨૧ દરમ્યાન ઇસ્યૂ થયેલ આર્થિક રીતે નબળા (EWS) વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર. (જો પ્રમાણપત્ર તા.૨૫/૦૧/૨૦૧૯ થી ૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇશ્યુ થયેલ પાત્રતા પ્રમાણપત્ર માટે દસ્તાવેજ ચકાસણી સમયે આ સાથે સામેલ રાખેલ બાહેધારી ફોર્મ ભરીને આપવાનો રહેશે.)
(૬) શૈક્ષણિક લાયકાતમાં જે તે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના છેલ્લા વર્ષ/ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર.
(૭) ધોરણ – ૧૦ અને ૧૨ની માર્કશીટ
(૮) માજી. સૈનિક ઉમેદવારોએ ડિસ્ચાર્જ બુક તેમજ અન્ય પુરાવા
(૯) ઉમેદવારોએ ઉપરોકત સુચનાઓ ઉપરાંત કોવિડ-૧૯ અન્વયેની નીચે મુજબની સૂચનાઓ પણ ધ્યાને લેવાની રહેશે.

- દરેક ઉમેદવારોએ મોં પર માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. તેમજ સોશીયલ ડીસ્ટન્સીંગ જાળવવાનું રહેશે.
- ઉમેદવારોને પીવાના પાણીની બોટલ જાતે જ સાથે લાવવી હિતાવહ છે.
- શારીરિક માપદંડ કસોટી તેમજ પ્રમાણપત્રોની ચકાસણીના સ્થળે ઉમેદવાર સિવાય તેઓના સગા સંબંધીઓને પ્રવેશવા દેવામાં આવશે નહીં.
- કોવીડ-૧૯ અંતર્ગત કેન્દ્ર/રાજય સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.